રજા પ્રવાસ/ વતન પ્રવાસ રાહત યોજના
ઉદાર બનાવવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક: મસભ/૧૦૨૦૧૫/ઓ-૧૫૧૧/ચ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૦-૧૨-૨૦૧૫

વંચાણે લીધા:- (૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:- મસભ/૧૦૨૦૦૭/૧૦૬૫/ચ, તા.૦૮/૦૬/૨૦૦૭
(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:- મસભ/૧૦૨૦૧૫/૭૦૨/ચ, તા.૨૩/૦૪/૨૦૧૫.
(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:- મસભ/૧૦૨૦૧૫/૭૦૨/ચ, તા.૩/૧૨/૨૦૧૫.

// ઠરાવ \\

ઉપરોક્ત ક્રમ-૧ સામે વંચાણે લીધેલ નાણા વિભાગના તા.૦૮/૦૬/૨૦૦૭ ના ઠરાવથી રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ ફક્ત રેલ્વે તેમજ રાજ્ય પરિવહનની બસ દ્વારા જ કરી શકાશે તે મુજબની જોગવાઇ થયેલ હતી. ત્યારબાદ આ જોગવાઇમાં સુધારો કરી નાણા વિભાગના તા.૨૩/૦૪/૨૦૧૫ ના ઠરાવથી રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની મુસાફરી રાજ્ય સરકાર દ્વારા માન્યતા પામેલ ટ્રાવેલ એજન્સીઓ દ્વારા પણ કરી શકાશે તેવું ઠરાવવામાં આવેલ છે. માન્યતા પ્રાપ્ત ટ્રાવેલ એજન્સી સંદર્ભે ક્રમ-૩ સામે દર્શાવેલ તા-૩-૧૨-૨૦૧૫ના ઠરાવથી જરુરી સ્પષ્ટતાઓ કરવામાં આવેલ છે.

૨. સરકારશ્રી દ્વારા માન્યતા પાત્ર ટ્રાવેલ એજન્સી દ્વારા કરાવવામાં આવતાં એલ.ટી.સી. પ્રવાસો સંદર્ભે કર્મચારીઓ દ્વારા રજુ કરવામાં આવતાં બીલોની વિગતો ધ્યાને લેતાં એ બાબત ધ્યાને આવેલ છે કે અલગ અલગ એજન્સીઓ દ્વારા એક જ પ્રકારની ટૂર માટે અલગ અલગ ભાડાના દરો લેવામાં આવે છે તેમજ આ પ્રકારની આયોજીત ટૂરમાં લોજીંગ તેમજ બોર્ડીંગ ચાર્જીસનો પણ સમાવેશ થયેલ હોય છે. રાજ્ય સરકાર દ્વારા તેમના કર્મચારીઓને એલ.ટી.સી.નો જે લાભ આપવામાં આવે છે તેમાં ફક્ત જતાં – આવતાં મળી કુલ-૬૦૦૦ કી.મી. માટે થતાં ભાડાની રકમ ચૂકવવાનો જ આશય રહેલ છે.

૩. આ બાબત ધ્યાને રાખી રાજ્ય સરકાર દ્વારા સંપૂર્ણ વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવે છે કે, કર્મચારી/ અધિકારી રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ટ્રાવેલ એજન્સીની બસમાં રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત માટેની મુસાફરી કરી શકશે. પરંતુ તેઓને આ મુસાફરી માટે તેઓ દ્વારા એજન્સીને ખરેખર ચુકવેલ ભાડાની રકમ અથવા તેઓની રેલ્વેની પાત્રતા

મુજબ મળવાપાત્ર રેલ્વેના ભાડાની રકમ આ બન્ને રકમ પૈકી જે રકમ ઓછી હશે તે રકમ તેઓને મળવાપાત્ર થશે.

૪. રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત સવલત અંગેની અન્ય શરતો યથાવત રહેશે.

૫. આ ઠરાવનો અમલ તેની પ્રસિધ્ધિની તારીખથી કરવાનો રહેશે. આ ઠરાવની રવાનગી પહેલા જે કેસો વિનિયમિત કરવામાં આવેલ છે તે પુન: ઉખેળવાના રહેશે નહી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.ડી.સેઈલર)
સંયુક્ત સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
  માન. મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
  માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
  સચિવાલયના તમામ વિભાગો/ સર્વે ખાતાના વડાઓ/ સર્વે કચેરીઓના વડાઓ.
  સર્વે નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજય સરકારના જાહેર સાહસો.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ/એ. એન્ડ ઇ.), ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી,.અમદાવાદ/ગાંધીનગર.
  નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
  નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
  સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી.
  નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ.
  સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, વેબ સાઇટ ઉપર મુકવા સારૂ.
  <u>સિલેકટ ફાઇલ</u>
- પત્ર દ્વારા.